# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લાની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો ધમધમાટ શરૂ**

# વિદ્યાનગર - કરમસદ પાલિકાની મતદારયાદી પ્રસિદ્ધ નહીં થાય!

**ખેડા જિલ્લા** પંચાયતનું સીમાંકન નવેસરથી કરવામાં આવે તેવી શક્યતા

**સ્થાનિક** સ્વરાજ્યની સંસ્થાઓની 21મીએ મતદારયાદી પ્રસિદ્ધ કરાશે

(પ્રતિનિધિ) આણંદ તા.19

આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ચુક્યો છે. આ અંગે રાજ્ય સરકારે 1લી જાન્યુઆરી, 2025ની લાયકાતની તારીખની સ્થિતિએ પ્રસિદ્ધ થયેલી મતદારયાદી આધારે તૈયાર કરવામાં આવેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મતદારયાદી 21મી જાન્યુઆરીના રોજ પ્રસિદ્ધિ કરવા સુચના આપી છે. જોકે, આ સુચના આણંદ અને નડિયાદ મહાનગરપાલિકાને લાગુ નહીં પડે.

રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ તૈયારીઓ શરૂ કરી દીધી છે. સિમાંકનો બાદ મતદારયાદી માટે જરૂરી કાર્યવાહી શરૂ કરી છે. વિધાનસભાની 1લી જાન્યુઆરી, 2025ની લાયકાતની તારીખની સ્થિતિની આખરી મતદારયાદી 6ઠ્ઠી જાન્યુઆરી, 2025ના રોજ પ્રસિદ્ધ થઇ છે. આ મતદારયાદી પરથી આગામી સમયમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી માટે પુરવણી મતદારયાદી તૈયાર કરવા માટે નમૂનો તૈયાર કરવામાં આવ્યો છે. આથી, જિલ્લામાંથી આવેલા નમૂના-2 આધારે મતદારયાદીની પુરવણી યાદી તૈયાર કરાશે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની સંબંધિત સંસ્થાના સંબંધિત કાયદા અને નિયમોમાં થયેલી જોગવાઈ મુજબ વિધાનસભાની 1લી જાન્યુઆરી,2025ની લાયકાતની તારીખની સ્થિતિએ પ્રસિદ્ધ થયેલી મતદારયાદી આધારે તૈયાર કરવામાં આવેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ 21મી જાન્યુઆરી, 2025ના રોજ કરવામાં આવશે. આ મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ થતાં પુરવણી સહિતની નકલો સંબંધિત નિયમોનુસાર માન્ય રાજકીય પક્ષોને પુરી પાડવા તથા ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી મતદારયાદીની જરૂર પુરતી નકલ કઢાવી રાખવા સુચના આપવામાં આવી છે.

અલબત્ત, આણંદ જિલ્લામાં વલ્લભ વિદ્યાનગર તથા કરમસદ નગરપાલિકાનો નવરચિત આણંદ મહાનગરપાલિકામાં સમાવેશ થયો હોવાથી આ બન્ને નગરપાલિકાની મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ કરવાની રહેશે નહીં. તેવી જ રીતે ખેડા જિલ્લા પંચાયતના અમુક વિસ્તારોનો નવરચિત નડિયાદ મહાનગરપાલિકામાં સમાવેશ થયો હોવાથી મતદાર મંડળોની સંખ્યા (બેઠક) (અનામત બેઠક સહિત) નવેસરથી નક્કી કરવાની થાય છે.

### દોઢ સોથી વધુ ગ્રામ પંચાયતની ચૂંટણી થશે

આણંદ જિલ્લામાં દોઢ સોથી વધુ ગ્રામ પંચાયતની મુદત પૂર્ણ થઇ ગઇ છે. જેની માટે તલાટીને વહીવટદાર તરીકે નિમણૂંક આપવામાં આવી છે. આ ગામોના સીમાંકન બાદ તેની મતદારયાદી તૈયાર થતાં ચૂંટણીનો આખરી ઓપ આપવામાં આવશે.

## આણંદમાં 'રન ફોર એ ગ્રીનર ટુમોરો' થીમ પર મેરેથોન દોડ યોજાઇ








આણંદ રનની 17મી વાર્ષિક મેરેથોન દોડ રવિવારના રોજ યોજાઇ હતી. આ વરસે 'રન ફોર એ ગ્રીનર ટુમોરો' (હરિયાળા ભવિષ્ય માટેની દોડ) થીમ પર પૃથ્વીના પર્યાવરણની જાળવણી પર ઇન્સ્ટિટ્યુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ આણંદ (ઇરમા) ખાતે મેરેથોન યોજાઇ હતી. ઇરમા અને એનડીડીબી દ્વારા પ્રસ્તુત અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી અમૂલ દ્વારા સહ-સંચાલિત આ સ્પર્ધામાં અલગ અલગ ઉંમરના આઠ સોથી વધુ સ્પર્ધકો જોડાયાં હતાં. મેરેથોનમાં બે રેસ ફોર્મેટ રાખવામાં આવ્યાં હતાં. 12 કિ.મી. રેસ અને 6 કિલોમીટર રેસ. આ પ્રસંગે ઇરમાના ડાયરેક્ટર ડો. ઉમાકાંત દાસ, એનડીડીબીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડો. એસ. રાજીવ, પોલીસ વડા જી.જી. જસાણી વિગેરે હાજર રહ્યાં હતાં.

# બોરસદમાં 3.28 લાખનો દારૂ ભરેલી ગાડી પકડાઇ

**ગાડીમાં** નકલી નંબર પ્લેટ લગાવી દારૂ ઘુસાડવા કોશિષ કરી

(પ્રતિનિધિ) બોરસદ તા.19

બોરસદ શહેર પોલીસે તારાપુર જતા સિક્સ લાઇન હાઈવે પરથી રોકેલી શંકાસ્પદ ગાડીમાં તલાસી લેતા સવા ત્રણ લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો.

બોરસદ શહેર પોલીસની ટીમને બાતમી મળી હતી કે, પીકઅપ ડાલામાં તિજોરી તથા લાકડાનું બંધ હાલતના બોક્સમાં વિદેશી દારૂ છુપાવી તારાપુરથી સૌરાષ્ટ્ર તરફ જઇ રહી છે. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી 18મીના રોજ પી ચંદ્ર વિદ્યાવિહાર સ્કૂલની સામે તારાપુર તરફ જતા સિક્સ લાઇન હાઈવેના ટી પોઇન્ટ પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન પીકઅપ ડાલુ આવતા તેને રોકવામાં આવી હતી. તેના ચાલકની અટક કરી પુછપરછ કરતાં વિશ્વાસ ઉર્ફે બાલો ભાનુદાસ પાટીલ (ઉ.વ.34, રહે. નામદા, વલસાડ) હોવાનું જણાવ્યું હતું. ગાડીમાં રહેલા તિજોરી તથા લાકડાના બંધ બોક્સ અંગે પુછતાં તેમાં દારૂ ભરેલો હોવાની કબુલાત કરી હતી. આથી, પોલીસે તાત્કાલિક ગાડી અને ચાલકને પોલીસ મથકે લાવ્યાં હતાં. જ્યાં દારૂની ગણતરી કરતાં વિવિધ બ્રાન્ડની રૂ.3.28 લાખનો જથ્થો મળી આવ્યો હતો. આ અંગે ચાલક વિશ્વાસની પુછપરછ કરતાં દારૂ ભાવનગર પહોંચાડવાનો હતો. આ ઉપરાંત ગાડીનો નંબર પણ ખોટો હતો. આથી, પોલીસે ગાડી ચાલક વિશ્વાસ ઉર્ફે બાલો અને અન્ય બે મોબાઈલ ધારક સામે ગુનો નોંધી કુલ 7.45 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**લારીવાળાની રોજીરોટીને ધ્યાને લઇ તેમને વૈકલ્પિક વ્યવસ્થા ફાળવવાનો નિર્ણય લેવાયો**

# કપડવંજમાં ટ્રાફિક નિવારવા રોડની નજીક ઉભી રહેતી લારીને ખસેડાશે

**કપડવંજના** દાણા રોડ પરના કુબેરજી મહાદેવ મંદિર પાછળ સરકારી જગ્યા પર આશરે 320 પ્લોટ ફાળવાયાં

(પ્રતિનિધિ) કપડવંજ તા.19

કપડવંજમાં દબાણ હટાવ ઝુંબેશ સાથે પાલિકા દ્વારા લારીવાળાની રોજીરોટીને ધ્યાને લઈ તેમને વૈકલ્પિક વ્યવસ્થા ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત દાણા રોડ પરના કુબેરજી મહાદેવ પાછળ સરકારી જગ્યા પર આશરે 320 પ્લોટ ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું છે.



તસવીર: હરિશ જોષી

કપડવંજ શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી દિન પ્રતિદિન ટ્રાફિકની સમસ્યા ખૂબ જ વધી હતી. શહેરના મુખ્ય માર્ગની આજુબાજુમાં રહેલી શાકભાજી અને ફ્રુટની લારીઓને અન્યત્ર સ્થળે ખસેડવા નગરપાલિકાએ માસ્ટર પ્લાન તૈયાર કરી દીધો છે. ટૂંક સમયમાં રોડની બંને બાજુ તેમજ જાહેર માર્ગ પર રહેલી ફ્રુટ અને શાકભાજીની લારીવાળાઓને શહેરના દાણા રોડ પર આવેલ કુબેરજી મહાદેવ મંદિરની પાછળના ભાગની સરકારી જગ્યા પર નગરપાલિકા દ્વારા તાર ફેન્સીંગ કરી તેમાં પ્લોટ છાપવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

આ અંગે કપડવંજ પાલિકાના એન્જિનિયર વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું હતું કે, આશરે 320 થી વધારે પ્લોટ છાપવાની કામગીરી ચાલી રહી છે. કપડવંજ શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી ટ્રાફિકની સમસ્યા માં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો હતો જેનાથી શહેરીજનોને ખૂબ જ મુશ્કેલી વેઠવાનો વારો આવતો હતો. એક મહિના અગાઉ કપડવંજ વહીવટી તંત્ર માર્ગ અને મકાન વિભાગ તેમજ નગરપાલિકાના સંયુક્તપણે શહેરમાં દબાણ હટાવો અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેને લઈ દબાણો દૂર થતાં શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી થશે.

# ઉમરેઠ શહેરમાં યુવતી પર યુવકે દૂષ્કર્મ ગુજાર્યું

**પોલીસે** ગણતરીના કલાકોમાં જ યુવકને પકડી પાડ્યો




(પ્રતિનિધિ) ઉમરેઠ તા.19

ઉમરેઠ શહેરમાં રહેતા શખ્સે એક યુવતીને તેની મમ્મી બોલાવે છે. તેમ કહી એક્ટિવા પર બેસાડી લઇ ગયા બાદ દૂષ્કર્મ ગુજાર્યું હતું. આ અંગે યુવતીની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી યુવકની ધરપકડ કરી હતી.

ઉમરેઠના રાવળવાસમાં રહેતા પાર્થ રાજુ રાવળએ 17મી જાન્યુઆરીના રોજ બપોરના આશરે સાડા ચારેક વાગ્યાના સુમારે એક યુવતી પાસે જઈ તેની મમ્મી બોલાવે છે. તેમ કહી પોતાના એક્ટિવા પર પાછળ બેસાડી પોતાના ઘરે લઈ ગયો હતો.

જ્યાં યુવતીની મરજી વિરૂદ્ધ દૂષ્કર્મ ગુજાર્યું હતું. આ ઘટનાથી હતપ્રભ યુવતીએ ઘરે આવીને વાત કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. આ અંગે ઉમરેઠ પોલીસે પાર્થ રાવળ સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાનમાં પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એચ. બુલાને બાતમી આધારે પાર્થને પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## નડિયાદના ભીડભંજન હનુમાનજીને શેરડીના શણગાર કરાયાં



નડિયાદ શહેરના નવા બસ સ્ટેન્ડ પાસે આવેલા ભીડભંજન હનુમાનજી મંદિરમાં દાદાને અનોખા શેરડીના શણગાર કરવામાં આવ્યાં હતાં. સવારે 6:30 કલાકે આરતી સમયે દાદાની આજુબાજુ તથા ભોગ સ્વરૂપે નાસિકની સ્પેશિયલ બે મણ શેરડી ધરાવવામાં આવી હતી. આ સાથે દાદાને સુખડીનો ભોગ અને જલેબી, બુંદી જેવો પ્રસાદ પમ ધરાવવવામાં આવ્યો હતો. પરંપરાગત રીતે દાદાને મલિન્દો યજ્ઞ સ્વરૂપે જમાડ્યા બાદ રામધૂન કરવામાં આવી હતી. આ શેરડી શણગારના દર્શન આખો દિવસ ચાલુ રહ્યાં હતાં. જે બીજા દિવસે રવિવારે પ્રસાદ સ્વરૂપે વિતરણ કરવામાં આવી હતી. આ મંદિર 141 વર્ષ જૂનું મંદિર છે. જ્યાં દર શનિવારે દાદાને અનોખા શણગાર કરવામાં આવે છે, જેના દર્શનનો લાભ લેવા ભક્તો સવારથી જ મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

# મહીસાગર જિલ્લામાં વીજ ચોરી કરતાં 88 પકડાયાં

**લુણાવાડા,** સંતરામપુર અને ખાનપુરમાં ચેકીંગ દરમિયાન 15.17 લાખનો દંડ ફટકારાયો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.19

સંતરામપુર, લુણાવાડા તેમજ ખાનપુર તાલુકામાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ 27 જેટલા વીજ ચેકિંગ ટીમ દ્વારા વીજ ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં 88 જેટલા વીજ જોડાણોમાં ગેરરિતી માલૂમ પડતાં કુલ રૂ.15.17 લાખનો દંડ ફટકાર્યો હતો.

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં કુલ 324 જેટલા વીજ જોડાણ ચેક કરવામાં આવ્યાં હતાં. તેમાં 37 વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડ્યા હતાં. જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા 5.49 લાખ જેટલું થાય છે. લુણાવાડા તાલુકામાં 112 વીજ જોડાણ ચેક કરવામાં આવ્યાં હતાં. તેમાં 19 વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડેલા તેમજ સંતરામપુર તાલુકામાં 198 વીજ જોડાણ ચેક કરવામાં આવ્યાં હતાં. તેમાં 29 વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડ્યું હતું. જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા 5.61 લાખ જેટલું થાય છે. આમ મહીસાગર જીલ્લાના લુણાવાડા, સંતરામપુર અને ખાનપુર તાલુકાના કુલ 656 જેટલા વીજ જોડાણ ચેક કરવામાં આવેલ હતા.આ વીજ જોડાણમાંથી કુલ 88 જેટલા વીજ જોડાણોમાં ગેરરિતી અટલે કે વીજ ચોરી કરતાં પકડાયેલ છે. જેનું વીજ ચોરીનું અંદાજિત કુલ બીલ રૂપિયા 15.17 લાખ જેટલું થાય છે.

**જુનિયર વકીલોને નવા કોર્ટ સંકુલમાં અલગથી જગ્યા ફાળવવા માંગણી**

# નડિયાદના નવા કોર્ટ સંકુલમાં વકીલોને સુવિધા નહીં મળતા રોષ

**જૂનિયર** વકીલો માટે કમ્પાઉન્ડમાં ટેબલ મૂકી બેસી શકે તેવી વ્યવસ્થા કરી આપવા રજૂઆત

(પ્રતિનિધિ) નડિયાદ, તા.19

નડિયાદમાં વકીલો લાંબા સમયથી નવી કોર્ટનું ઉદ્ઘાટન થવાની વાટ જોઈ રહ્યા છે. તાજેતરમાં નવી કોર્ટમાં 21મી જાન્યુઆરીથી કામકાજ ચાલુ કરવાની તજવીજ હાથ ધરાઈ હતી. જો કે, આ પહેલાજ નવા કોર્ટ સંકુલમાં નાણાં ચુકવ્યા મુજબ વકીલોને સામે યોગ્ય સુવિધાઓ ન મળવાની રજૂઆત થઈ, તો સાથે જ જુનિયર વકીલોને અલગથી જગ્યા ફાળવવાની પણ માંગણી ઉઠી છે.

નડિયાદમાં નવા કોર્ટ સંકુલની કામગીરી ઘણા વર્ષોથી ચાલી રહી હતી. ખાતમૂર્હ્ત અને લોકાર્પણોના દૌર વચ્ચે વારંવાર નવી કોર્ટ કાર્યરત થશે, તેવી ચર્ચાઓ ઉઠી અને ત્યારબાદ નવી કોર્ટમાં કામગીરી બાકી હોવાથી ચાલુ થઈ નહોતી.

હવે છેલ્લા કેટલાક દિવસોથી 21 જાન્યુઆરી અથવા 26 જાન્યુઆરીએ નવી કોર્ટનું ઉદ્ઘાટન કરવાની ચર્ચાઓ હતી. તેમજ કોર્ટ ખસેડવાની પણ તજવીજ હાથ ધરી દેવાઈ હતી. જો કે, આ વચ્ચે નડિયાદ બાર એસોશિએશનની ચૂંટણી લડેલા પારૂલબેન મકવાણાએ નડિયાદ બાર એસોશિએશનના પ્રમુખને લેખિતમાં રજૂઆત કરી અને વકીલો પાસે પૈસા જમા કરાવી અને તે મુજબની વ્યવસ્થા ન કરી આપી હોવાનું જણાવ્યુ. જેમાં ટેબલ, બે ખુરશી, એક પાટલી અને લોકરની સુવિધા આપવાનું જણાવ્યુ હતુ, તે મુજબની વ્યવસ્થા ન કરી હોવાથી ત્વરીત આ મુજબની વ્યવસ્થા કરવા અથવા વકીલોના નાણાં પરત કરવા માંગણી કરી છે.

આ તરફ એક જૂનિયર વકીલ ચિરાગ પરીખ દ્વારા ડિસ્ટ્રીક્ટ જજને લેખિત રજૂઆત કરી જૂનિયર વકીલો માટે કમ્પાઉન્ડમાં ટેબલ મૂકી બેસી શકે તેવી વ્યવસ્થા કરી આપવા માટે વિનંતી કરવામાં આવી છે.

# વડતાલ મંદિરની ગૌશાળામાં મકરસંક્રાંતિના દિવસે ગૌપૂજન કરાયું


**સંતો તથા** ભક્તો મોટી સંખ્યામાં હાજર રહ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.19

વડતાલધામમાં 14મી જાન્યુઆરીના રોજ પવિત્ર ધનુર્માસની પુર્ણાહુતી થઇ હતી. આ સાથે મકરસંક્રાંતી એટલે કે ઉત્તરાયણના દિવસે વડતાલ મંદિર દ્વારા ગોમતી કિનારે આવેલા નૂતન ગૌશાળા ખાતે સંતો તથા હરિભક્તો દ્વારા ગૌપૂજન કરવામાં આવ્યું હતું. આ ગૌપૂજન વિધિ પુરોહિત ધિરેનભાઈ ભટ્ટે કરાવી હતી.

આ અંગે વડતાલ મંદિરના મુખ્ય કોઠારી ડો.સંતવલ્લભ સ્વામીએ જણાવ્યું હતું કે, વડતાલ મંદિરની ગૌશાળામાં 310 ગાય આવેલી છે. જેનું મકરસંક્રાંતીના દિવસે સત્સંગ મહાસભાના પ્રમુખ નૌત્તમસ્વામીજી, ચેરમેન દેવપ્રકાશસ્વામી, વલ્લભ સ્વામી, શા.બ્રહ્મસ્વરૂપ સ્વામી, શ્યામવલ્લભ સ્વામી, ત્યાગસ્વામી, બ્રહ્મચારી હરિકૃષ્ણાનંદજી તથા પ્રિયાંગભાઈ પટેલ (વડોદરા), ભગવતીભાઈ મુખી (મેતપુર) (હાલ મુંબઇ), જયંતિભાઇ મુખી, જગદીશભાઇ મુખી, તથા તારાપુરના ગોવિંદભાઇ ઠક્કર તથા પુત્ર લાલાભાઇ ઠક્કર અને રાજેશભાઇ રવાણી વગેરેએ ઉપસ્થિત રહી ગૌપૂજન કરી આરતી ઉતારી હતી. જેમાં ગાયોના પૂજન બાદ તેઓને ઘઉંની ઘુઘરી, લાડુ, સુખડી અને લીલો ઘાસચારો ખવડાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વડતાલ ગૌ શાળાની સંભાળ રાખતા પવિત્ર સ્વામીનું કોઠારી ડો.સંતવલ્લભસ્વામીએ પૂષ્પમાળા પહેરાવી સન્માન કર્યું હતું. તારાપુરના ગોવિંદભાઇ ઠક્કર તથા તેમના પુત્ર દ્વારા વડતાલ મંદિરની ગૌશાળાને બે ગાયોનું દાન કર્યું હતું. વડતાલ સંત પુજારી હરિચરણ સ્વામીએ ગૌશાળાને એક લાખનું દાન અર્પણ કર્યું હતું. વલ્લભસ્વામીએ પોતાના હરિભક્તો દ્વારા 53 હજારનું દાન આપ્યું હતું. જ્યારે ત્યાગસ્વામી તથા હરિભક્તોએ ગાયો માટે 32 હજારનો ઘાસચારો અર્પણ કર્યો હતો. સમગ્ર પૂજન વ્યવસ્થા મુનીવલ્લભ સ્વામી તથા શ્યામવલ્લભ સ્વામીએ કરી હતી.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

**મો. 99250 30225, મો. 99255 50225**